## હરિની દ્રષ્ટિ...
- હરિન ભટ્ટ




તું શાંતિથી વેંચવાની જાહેરાતમાં જામફળ લખી શકે છે, હાલમાં જામફળનું નામ બદલવાનો સરકારનો કોઈ ઇરાદો નથી...!!

# સે-૫/બી માં પાણી ડહોળુ આવતું હોવાથી સ્થાનિકોમાં રોષ

## સેકટરમાં પાણીનો ફોર્સ પણ ઘટયો હોવાનુ સ્થાનિકો જણાવી રહ્યા છે

ગાંધીનગર તા ૨૦

શહેરમાં શિયાળાની ઠંડીના દિવસોમાં પાણી લીકેજીસની સમસ્યા સાથે સેકટરોમાં વારંવાર પાણી ફોર્સથી આવતુ ન હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. સે-૫ બીમાં પણ ખોડિયાર મંદિર અને ખ માર્ગ વચ્ચે પાણી લીકેજ થાય છે. જયારે આ સ્થિતિ વચ્ચે સેકટરમાં ડહોળુ પાણી આવતુ હોવાની બુમ પણ ઉઠવા પામી છે. સેકટરમાં પાણીનો ફોર્સ પણ ઘટી ગયો છે. જેથી ત્વરિત આ ફરિયાદના નિવારણ માટે યોગ્ય પગલા લેવાય તેવી રજુઆત પણ સ્થાનિક અગ્રણીઓએ કરી છે.

શહેરમાં ઠંડીના દિવસોમાં પાણી લીકેજ થતુ હોવાની અનેક ફરિયાદો ઉઠવા પામે છે. જયારે પાણી લીકેજીસના લીધે પાણીનો બગાડ પણ વધુ થાય છે. અગાઉ પણ ગ-૨ પાસે તેમજ સે-૨૨ માં પાણી લીકેજના લીધે માર્ગો પર ખાબોચિયા ઉભરાયા હતા જયારે હાલ શહેરના સે-૫ બી માં ખોડિયાર મંદિર અને ખ માર્ગ વચ્ચે પાણીની લાઈનમાં લીકેજ થતા આ વિસ્તારમાં પાણીનો ભરાવો થાય છે. કાદવ કિચ્ચડ વચ્ચે ગંદકી થયેલી જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે સેકટર -૫ માં પાણીની ગુણવત્તા સામે પણ પ્રશ્ન મંડરાયો છે. સેકટરમાં પીવાનુ પાણી ડહોળુ આવતુ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. સેકટરમાં છેલ્લા કેટલાક દિવસથી પાણીનો ફોર્સ પણ ઘટી ગયો છે. જેના લીધે સેકટરવાસીઓમાં રોષ પ્રવર્તયો છે. પાણી પુરતા ફોર્સથી આવતુ નથી આ મામલે સેકટરના કેટલાક અગ્રણીઓએ પાટનગર યોજના ભવનમાં સંબંધિત અધિકારીઓને પણ રજુઆત કરી છે. પાણીની સમસ્યા મામલે સ્થાનિક કાર્પોરેટરાને પણ રજુઆત કરવામાં આવી છે. છતા કોઈ પગલા લેવાયા નથી.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી જે.બી. વદરને જિલ્લા આંકડા અધિકારી રજા પર જતાં વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના બીજે માળે જ્યાં આરોગ્ય શાખા બેસે છે ત્યાં સેનીટાઈઝેશન માટે મુકાયેલ મશીન અંદર સેનીટાઈઝરનો જથ્થો ખાલી થઈ જતાં આજે બંધ પડ્યું હતું.
- એક દિવસના વિરામ બાદ આજે કોરોના વોરિયર્સનું આજે વેક્સીનેશન આગળ વધશે.
- ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ કર્મચારીઓના હુકમો જારી કરી દેવાયા છે.
- રાજયના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ સુશ્રી જયંતિ રવિએ કોરોના વેક્સીનેશનમાં વોરિયર્સની જ ઉદાસીનતાને લઈ નારાજગી વ્યક્ત કરી આજે ખાસ વિડીયો કોન્ફરન્સ યોજી હતી.
- સચિવાલયમાં અંદાજપત્રને લઈ બેઠકોનો ધમધમાટ વધી જવા પામ્યો છે. નવી બાબતોને લઈ વિભાગો દ્વારા પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં આવી રહ્યા છે.
- ગાંધીનગર જિલ્લા ભાજપ મિડિયા સેલની આજે સે. ૨૧ ખાતે બેઠક યોજાઈ હતી. જેમાં પ્રદેશના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.
- જાણીતા અભિનેત્રી કુંપલ દવે આમ આદમી પાર્ટીમાં જોડાયા છે.

# બાથરૂમમાં સ્નાન કરવા ગયેલા સે. ૨ ના યુવાનને અર્ધબેભાન અવસ્થામાં હોસ્પિટલ ખસેડાયો..!!

**ગેસ ગીઝર વાપરતા શહેરીજનો માટે લાલબત્તી સમાન કિસ્સો : ગીઝરમાંથી ગેસ નીકળતા શ્વાસ લેવામાં તકલીફ બાદ મોઢામાંથી ફીણ આવી ગયું : ગરમ પાણીના ધુમ્મસે પરિસ્થિતિ વકરાવી : સદનસીબે જીવ બચી ગયો**

ગાંધીનગર, તા. ૨૦

શિયાળાની ઠંડીમાં ગેસ ગીઝરના ગરમ પાણીથી ન્હાવાની મોજ માણવાની આદત પડી ગઈ હોય તો ચેતજો, કેમ કે આજે ગાંધીનગરના સેક્ટર-૨માં એક એવો કિસ્સો બન્યો છે જે જાણીને બાથરૂમમાં પગ મુકતા ફફડી જશો. આજે બાથરૂમમાં લગાડેલા ગેસ ગીઝરના ગરમ પાણીથી સ્નાન કરવા ગયેલા સે. ૨ ના યુવાનને અર્ધબેભાન અવસ્થામાં હોસ્પિટલ ખસેડવો પડ્યો હતો.

અત્યારે શિયાળાની ઠંડીના કારણે ગરમ પાણી વગર સ્નાન કરવું કોઈ કલ્પી પણ શકતુ નથી અને ગેસની સગડી પર તપેલામાં પાણી મુકીને ગરમ કરવાથી સ્નાનનો પુરો આનંદ મળી શકતો નથી કેમ કે એકવાર ગરમ હુંફાળા પાણીથી સ્નાન કરવાનું શરૂ કરીએ પછી બાથરૂમમાંથી બહાર આવવાનું મન થતુ નથી. આ કારણે અત્યારે બાથરૂમમાં ગેસ ગીઝર લગાડવાનું ખૂબ પ્રચલિત બન્યુ છે જેના કારણે રાંધણ ગેસની પાઈપલાઈનથી મળતા ગેસથી તે ચાલે છે જેમાં ઈલેક્ટ્રિક ગીઝરની જેમ શોક લાગવાની બીક રહેતી નથી અને વીજ વપરાશ કરતા સસ્તુ પડે છે. જો કે ગેસ ગીઝર વાપરવુ પણ જોખમી છે તે આજે સે. ૨ માં બનેલી ઘટનાથી ફલિત થાય છે. જેમાં પોતાના ઘરમાં ત્રીજા માળે બાથરૂમમાં સ્નાન કરવા ગયેલો યુવાન લાંબા સમય સુધી બહાર ના આવતા તેના નાના ભાઈએ દરવાજો ખટખટાવ્યો હતો પરંતુ અંદરથી કોઈ જવાબ ના મળતાં કંઈક અજુગતુ બન્યાંની શંકા થતા તેણે ઘરના સભ્યોને બુમ પાડીને બોલાવ્યાં હતા અને લાત મારીને બાથરૂમનો દરવાજો તોડી નાંખ્યો હતો. દરવાજો ખુલતા અંદરનું દશ્ય જોઈ બધા હેબતાઈ ગયાં હતા કેમ કે સ્નાન કરવા ગયેલ મોટા ભાઈ મોંઢામાં ફીણ સાથે તરફડીયા મારી રહ્યા હતા. બાથરૂમમાં વરાળના ગોટેગોટા છવાઈ ગયા હતા અને નળમાંથી ગરમ પાણી ચાલુ હતુ. આ જોઈને મોટાભાઈને તુરંત જ ગંભીર હાલતમાં એપોલો હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતા જ્યાં તબીબોએ સમયસર સારવાર આપી તેમનો જીવ બચાવી લીધો હતો.

સમગ્ર ઘટનામાં તબીબોએ પરિવારને જણાવ્યાં અનુસાર તેમના શ્વાસમાં ગેસ ભરાઈ ગયો હતો જેના કારણે શ્વાસ લેવામાં ખૂબ તકલીફ પડી હતી તેમજ બાથરૂમમાં ગરમ પાણીની વરાળ ભરાઈ જવાથી એર સરક્યુલેશન પણ તદ્દન ઓછુ થઈ ગયુ હતુ જેના કારણે તેમનો શ્વાસ રૂંધાઈ ગયો હતો. ગેસ ગીઝરમાંથી ગેસનું ગળતર થતું હોવાને કારણે આ સ્થિતિ સર્જાઈ હોવાનું તારણ કાઢવામાં આવ્યુ હતુ. સે. ૨ ના આ યુવાનનો તો જીવ બચી ગયો પરંતુ ગેસ ગીઝર વાપરતા શહેરીજનો માટે આ કિસ્સો લાલબત્તી સમાન છે. ગેસનું ગીઝર બાથરૂમની બહાર રહે તે રીતે લગાડવુ જોઈએ અને બાથરૂમમાં એક્ઝોસ્ટ ફેન સહિત એર સરક્યુલેશનની પુરતી વ્યવસ્થા હોવી જરૂરી હોવાની જાણકારોએ જણાવ્યુ હતુ. આ સાથે આ ગીઝર ચાલુ રાખી ગરમ પાણી વહેતુ રાખવુ પણ જોખમી હોવાનો મત વ્યક્ત કરાઈ રહ્યો છે.




મહેસાણાના સાંસદ સુશ્રી શારદાબેન પટેલ તરફથી માણસા ડિસ્ટ્રીક્ટ સબ હોસ્પિટલને એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે. આ એમ્બ્યુલન્સનો ચાર્જ સંભાળતા સુપ્રિ. ડૉ. કાનન શુકલા, સાંસદ સુશ્રી શારદાબેન પટેલ તેમજ આર.એચ.ઓ. ડૉ. ડી.એફ. પરમાર નજરે પડે છે. સાંસદ તરફથી અપાયેલ આ એમ્બ્યુલન્સના લોકાર્પણ સમારોહમાં ડી.ડી. પટેલ, પૂર્વ ધારાસભ્ય અમીતભાઈ ચૌધરી, અનિલભાઈ પટેલ, જગદીશભાઈ, નગરપાલિકાના પ્રમુખ કૈલાસબેન પટેલ, લક્ષ્મણસિંહ રાઠોડ, એસ.એચ. પટેલ, રાજુભાઈ, દિનેશભાઈ, દૂધ સાગર ડેરીના ડિરેક્ટર યોગેશભાઈ તથા દિનેશભાઈ વ્યાસ સહિત અનેક કાર્યકર્તાઓએ હાજરી આપી હતી.

# ટીબીના દર્દીઓને કીટનું વિતરણ

કલોલ સીટી ખાતે આવેલ સર્વમંગલ સાધના વર્તુળ ટ્રસ્ટ, કલોલના સહયોગથી સ્વ. અંબાલાલ સોમનાથ પટેલના હસ્તે ડૉ. ચિત્તરંજનભાઈ એ. પટેલ દ્વારા કલોલ તાલુકાના ટીબીના ૨ પેશન્ટને ત્રણ માસ ચાલે તે પ્રમાણેની અનાજની કીટ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે આપવામાં આવી હતી. પ્રસંગે સંસ્થાના સંચાલક નિરવભાઈ ત્રિવેદીએ જણાવ્યુ હતુ કે આવનારા સમયમાં વધુ ટીબીના જરૂરીયાતમંદ પેશન્ટને કીટ વિતરણ કરવામાં આવશે. કીટમાં ઘઉં, ચોખા, મગની દાળ, ખાંડ, ગોળ, તેલ, ચા, મરચુ દર્દીને ત્રણ માસ સુધી ચાલી રહે તે અંગેની અનાજની કીટ આપવામાં આવી છે. આ કીટ વિતરણમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. એમ.એચ. સોલંકી, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. કે.આર. પૂજારા, જિલ્લા ક્ષય કેન્દ્રના પી.પી.એમ. કો ઓર્ડીનેટર કેયુર જયસ્વાલ, તાલુકા સુપરવાઈઝર શૈલેશ રાઠોડ હાજર રહ્યા હતા.



**ઈસનપુર મોટા શ્રી કૂતરા પરબડી સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા શ્વાન માટે ૧૬૦ કિલોના લાડુ બનાવ્યા**

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા સ્થિત શ્રી કૂતરા પરબડી સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા ઉત્તરાયણના પાવન પર્વ નિમિત્તે કૂતરાં માટે ચોખ્ખા ઘીના ૧૬૦ કિલો (૮ મણ મણ) લાડુ બનાવીને વિતરણ કરવામાં આવ્યું. આ સાથે ખસના રોગથી પિડિત કૂતરાઓને લાડુમાં દવાની ગોળી ખવડાવીને જીવદયાનું ઉમદા કાર્ય કરવામાં આવ્યુ. આ પ્રસંગે કૂતરા પરબડી ટ્રસ્ટના કાર્યકરોએ ઉત્સાહપૂર્વક સેવા પુરી પાડી હતી.

# ગાંધીનગર તાલુકામાં પંચાયત વેરાની નબળી વસુલાત નોંધાઈ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર તાલુકામાં પંચાયતી વેરાની વસુલાત ૨૫ ટકા જેટલી ડિસેમ્બર અંતિત થઈ હોવાનું જાણવા મળેલ છે.

પંચાયતી વેરાની વસુલાત વધારવા પર સતત સૂચનાઓ સરકાર કક્ષાએથી અપાઈ રહી છે પણ જિલ્લાનું ચિત્ર સતત નબળુ રહેવા પામ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાંથી ૧૯ ગામોને ગાંધીનગર અને અમદાવાદ મનપામાં ભેળવી દેવાયા પછી તા. પંચાયતની આવક ઘટી છે.

ઓગષ્ટ માસથી શરૂ થતા પંચાયતી નાણાંકીય વર્ષના ૪ મહિના પછી માત્ર ૨૫ ટકા વસુલાત થઈ શકી છે. જેમાં ૩ ગામોની વસુલાત સીંગલ ડિઝીટમાં જણાઈ છે તો ૧૦ જેટલા ગામોમાં ૫૦ ટકાથી વધુ વસુલાત થઈ છે. ૧૨ જેટલા ગામોમાં ૨૦ ટકાથી પણ નીચી વસુલાત થઈ હોવાનું જાણવા મળેલ છે.

પંચાયતના વેરાઓની વસુલાત વધુ ને વધુ થાય તે માટે ખાસ અભિયાન હાથ ધરવાની સૂચનાઓ અપાઈ હોવાનું જાણવા મળેલ છે.

# કાર સર્વિસમાં ખામી બદલ ખોટો કેસ કરનાર વકીલને ગ્રાહક સુરક્ષાએ ૩૫૦૦નો દંડ

ગાંધીનગર તા ૨૦

કાર સર્વિસમાં ખામી બદલ રૂ ૭ લાખનો વળતર મેળવવાના કેસમાં ગ્રાહક સુરક્ષાની ડિસ્ટ્રીક્ટ કોર્ટે વકીલને ખોટો કેસ કરવા બદલ રૂ ૩૫૦૦ ચુકવવા માટે આદેશ કર્યો છે. આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર હાઈકોર્ટના વકીલએ તેમની ટાટા નેનો કારની સર્વિસમાં કેટલીક ખામીઓ રહી ગઈ હોવાથી રૂ ૭ લાખનુ વળતર મેળવવા માટે કેસ દાખલ કર્યો હતો.


જયારે આ કેસમાં બન્ને પક્ષોની દલીલોના અંતે ગ્રાહક સુરક્ષા કોર્ટના ડિસ્ટ્રીટકટ જજ ડી ટી સોનીએ વકીલને ખોટો કેસ કરવા બદલ રૂ ૩૫૦૦ નો દંડ ચુકવવા આદેશ કર્યો છે. વધુમાં ગ્રાહક સુરક્ષા કોર્ટે ફરિયાદીને તેમની નેનો કાર જે હાલતમાં છે તે હાલતમાં લઈ જવા માટે પણ આદેશ કર્યો છે. નહીંતર પ્રતિદિન રૂ ૧૦૦ ચુકવવા પણ હુકમ કર્યો છે. આ કેસમાં કોર્ટે તેમ પણ સ્પષ્ટ ટાંકયુ છે કે જયાં સુધી એકપણ રૂપિયો ચુકવેલો ન હોય ત્યાં સુધી એકટ મુજબ ફરિયાદીને ગ્રાહક ગણી શકાય નહી.

# સાયન્સ સિટી ખાતે ગણિત-ભૌતિકશાસ્ત્રી એન્દ્રે મારી એમ્પિરેની જન્મજયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા.૨૦

ફ્રેંચ ગણિતશાસ્ત્રી અને ભૌતિકશાસ્ત્રી એન્દ્રે મારી એમ્પિરેની જન્મતિથિ નિમિતે ગુજરાત સાયન્સ સિટી દ્વારા એટલેકે તેમણે કોઈ પધ્ધતિસર નું શિક્ષણ લીધું ન હતું.'

વર્ષોના સઘન સંશોધન અને પ્રયોગોના અંતે એન્દ્રે એ મેથેમેટિકલ થીયરી ઓફ




ફિજીક્સના ઉત્સાહીઓને સાંકળવા વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગરની કડી સર્વ વિદ્યાલયના ફિઝીક્સ ડિપાર્ટમેંટના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. હર્ષલ દેઓતા દ્વારા એન્દ્રે એમ્પિરે અને ઈલેક્ટ્રોમેગ્નેટીઝમ અંતર્ગત ઈંટરેક્ટિવ સેશન કરવામાં આવ્યું હતું.

ડો. દેઓતા એ જણાવ્યુ કે, 'એન્દ્રે એમ્પિરેનું શિક્ષણ અસમાન્ય રહ્યું. તેમના પિતા જીન -જેકવીસ રૌઉસી, ફ્રેંચ ક્રાંતિ ના પ્રણેતા ના અનુયાયી હતા અને તેમણે એન્દ્રે ના શિક્ષણ માટે રૌઉસીનો અભિગમ અપનાવ્યો હતો.

ઈલેક્ટ્રોડાયનેમિક ફીણોમીના ની રજૂઆત કરી, ખાસ ૧૮૨૭ના અનુભવો નો સમાવેશ હતો. નવા વિજ્ઞાનનું નામ 'ઈલેક્ટ્રોડાયનેમિક્સ' સ્થાપના ગ્રંથ તરીકે જાણીતું બન્યું અને આ નામ એફિલ ટાવરમાં કોતરાયેલા ૭૨ નામોમાંનું એક છે.

એન્દ્રે મારી પર યોજાયેલા આ વેબિબારમાં ૫૦૦ થી વધુ લોકો જોડાયા હતા.

# કલોલ ખાતે નવ નિર્મિત સામુહિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૨૦

રાજય આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રૂા.૨૬૦ લાખના ખર્ચે નિર્માણ પામેલ સામુહિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરતાં રાજયના આરોગ્ય મંત્રી નિતિનભાઈ પટેલે જણાવ્યું કે રાજયના નાગરિકોને ગુણવત્તાલક્ષી વિનામૂલ્યે આરોગ્યલક્ષી સારવાર પુરી પાડવી એ અમારી સરકારની પ્રાથમિકતા છે અને રહેશે. એટલા જ માટે રાજય ભરના ખાનગી નિષ્ણાંત તબિબોની સેવાઓ લઈને સરકારી હોસ્પિટલોમાં દર્દીઓને વિનામૂલ્યે શ્રેષ્ઠ સેવાઓ આપી રહ્યાં છીએ. સ્થાનિકકક્ષાએ કલેકટરોને અધિકાર આપી રાજયના નિષ્ણાંત તબિબોની સેવાઓ સી.એમ.સેતુ યોજના દ્વારા માનદવેતનથી લઈ રહ્યાં છીએ.

કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં મોટી ફેકટરીઓ-ઔધોગિક એકમો આવેલા છે. તેમાં જરૂરિયાતવાળા દર્દીઓને તમામ સુવિધાઓ વિનામૂલ્યે આપવા ગુજરાત સરકારે રૂા.૨૬૦ લાખના ખર્ચે આ સામુહિક આરોગ્ય કેન્દ્રનું નિર્માણ કર્યું છે. આ ઉપરાંત આ વિસ્તારના સાંસદ અને દેશના ગૃહમંત્રી અમિતભાઈ શાહ તરફથી ૭૨ લાખ રૂપિયા ખુટતા સાધનો માટે પ્રાપ્ત થયા છે. શહેરી વિકાસની ગ્રાન્ટમાંથી પણ કલોલ શહેરને નગરપાલિકા ભવન, ટાઉનહોલ, બગીચા જેવી સુવિધાઓ મળી છે.

પ્રજાની તંદુરસ્તી જાળવવા મોંઘી સારવાર પણ આ હોસ્પિટલમાં તમામ સુવિધાઓ અમારા આરોગ્ય વિભાગ દ્વારા મફત મળવાની છે. જુની બિલ્ડિંગ હતી ત્યારે પણ ૮૫ હજાર કરતા વધારે દર્દીઓ લાભ લેતા હતા. હવે નવું મકાન અને અદ્યતન સુવિધાઓ મળતાં સ્પેશિયલ મળશે. જેથી દર્દીઓને ગાંધીનગર કે, સોલા સીવીલમાં મોકલવા નહીં પડે.

**જાહેર નિવિદા નં. ૧ / ૨૦૨૦-૨૧**

**પરીક્ષત્ર વન અધિકારીશ્રીની કચેરી, બોરીજ રેંજ, ગાંધીનગર વન વિભાગ**

પરીક્ષેત્ર વન અધિકારીશ્રી, બોરીજ રેંજના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં જુદા જુદા મોડલ હેઠળ નવી તાર ફેન્સીંગ કરવા માટેના લેબરનું (માલ સામાન મજુરી સાથે) જુદા જુદા મોડેલ હેઠળ સને ૨૦૨૧-૨૨ના અગોતરા કામગીરી કરવા માટે ઈજારદારશ્રીઓ પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડરો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મની ફી રૂ. ૧૦૦૦/- ભરી કચેરીમાંથી તા. ૨૧/૧/૨૦૨૧થી તા. ૨૭/૧/૨૦૨૧ સુધીમાં ૧૧.૦૦ કલાક થી ૧૮.૦૦ કલાક દરમિયાન નીચેના સરનામેથી મળી શકશે જે સીલબંધ કવરો તા. ૨૭/૧/૨૦૨૧ના ૧૨.૦૦ કલાક સુધી રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી તેમજ રૂબરૂ નીચેના સરનામે સ્વીકારવામાં આવશે અને તા. ૨૭/૧/૨૦૨૧ના રોજ ૧૭.૦૦ કલાકે પરીક્ષેત્ર વન અધિકારીશ્રીની કચેરી, બોરીજ રેંજ, સેક્ટર-૧૬ ખાતે ખોલવામાં આવશે.

**સ્થળ : ગાંધીનગર** — **સહી/-**

**તારીખ : ૨૦/૧/૨૦૨૧** — **પરીક્ષેત્ર વન અધિકારી બોરીજ**

**સરનામું :**
**પરીક્ષેત્ર વન અધિકારીશ્રી, બોરીજ**
**પરીક્ષેત્ર વન અધિકારીશ્રીની કચેરી,**
**પ્રથમ માળ, પાટનગર યોજના ભવન,**
**સેક્ટર-૧૬, ગાંધીનગર**
**ફોન નં. ૦૭૯-૨૩૨-૨૩૯૩૬**

**જાહેરાત : ૦૨/૨૦૨૧**

**કરાર આધારિત ભરતી માટે વોક-ઇન-ઈન્ટરવ્યૂ**

નીચે જણાવેલ જગ્યા માટે ચિલ્ડ્રન્સ યુચિવર્સિટી, ગાંધીગિર ખાતે તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારિત કાઉન્સેલર તપોવન)ની માસિક ફિક્સ પગાર રૂ. ૧૮,૦૦૦/-થી ભરવાની છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ વૉક-ઈન-ઈન્ટરવ્યૂ માટે નીચે જણાવેલ તારીખ અને સમયે યુનિવર્સિટી ખાતે ઉપસ્થિત રહેવું.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | લાયકાત |
|---|---|---|---|
| ૧ | કાઉન્સેલર-તપોવન | ૦૧ | ● M.A. મનોવિજ્ઞાન અથવા M.A./M.Sc. હોમસાયન્સ ૫૫% સાથે<br>● મનોવિજ્ઞાન તથા હોમસાયન્સમાં ડિપ્લોમા કોર્સ કરેલને પ્રથમ પસંદગી<br>● ગુજરાતી ભાષા તથા કમ્પ્યુટરની આવડત જરૂરી |

**ઈન્ટરવ્યૂની તારીખ : ૨૩/૧/૨૦૨૧** — **ઈન્ટરવ્યૂનો સમય : સવારે ૧૦:૩૦ કલાકે**

**નોંધ :** ઉપરોક્ત જગ્યા માટે અરજીપત્રક તથા સામાન્ય સૂચનાઓ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વેબસાઈટ - http://www.cugujarat.ac.in/latest-news-archives પરથી મેળવી શકાશે.

**તારીખ : ૨૦/૧/૨૦૨૧**

**ડો. અશોક એન. પ્રજાપતિ**
**રજિસ્ટ્રાર (I/C)**
**ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર**

**ટચૂકડી જાહેર ખબર**

**નામ બદલેલ છે**

મારું હાલનું નામ મીરાબેન શ્રીપ્રકાશ જોષી છે જે બદલીને હવે મીરા શ્રીપ્રકાશ જોષી કરેલ છે

